ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નડિયાદમાં તહેવારો ટાણે મનપાનો સપાટો | સ્ટીકર-તારીખ વગરના ૫૦૦થી વધુ પાંઉના પેકેટ જપ્ત

નડિયાદના 'સુપર બેકર્સ'ની દુકાન અને ગોડાઉન સીલ!

ગણેશ મહોત્સવ, નવરાત્રિ અને દિવાળી પૂર્વે નફાખોરીનો પર્દાફાશ

લારી-ગલ્લા પર સપ્લાય થતો બિનઆરોગ્યપ્રદ જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૮

નડિયાદ શહેરમાં આગામી તહેવારોની મોસમમાં અંધાધૂંધ નફાખોરી કરી લોકોના આરોગ્ય સાથે ખતરનાક રમત રમતા તત્ત્વો સામે મહાનગરપાલિકાના સેનેટરી વિભાગે આકરી કાર્યવાહી હાથ ધરી છે. શહેરના સંતરામ રોડ પર બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા નજીક આવેલી જાણીતી 'સુપર બેકર્સ' નામની દુકાનમાં પાલિકાની ટીમે ઓચિંતું ચેકિંગ હાથ ધરીને ગેરરીતિઓનો મોટો પર્દાફાશ કર્યો છે. કાયદા અને ગુણવત્તાના કોઈ પણ માપદંડો વિના તૈયાર કરાયેલા ૫૦૦થી વધુ પાંઉના પેકેટનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં કરવા બદલ તંત્ર દ્વારા તત્કાલિક અસરથી બેકર્સની દુકાન તેમજ ગોડાઉનને સીલ મારી દેવામાં આવ્યા છે.

નડિયાદ શહેરમાં આગામી દિવસોમાં ગણેશ મહોત્સવ, નવરાત્રિ અને દિવાળી જેવા પવિત્ર તહેવારો આવી રહ્યા છે, જેને કારણે બજારમાં ખાણીપીણી અને ખાદ્યપદાર્થોની માંગમાં

ભારે ઉછાળો થાય છે. આ માંગનો ગેરલાભ ઉઠાવી વધુ નફો કમાઈ લેવાની લાલચે કેટલાક અસામાજિક વેપારીઓ હલકી ગુણવત્તાવાળી અને બિનઆરોગ્યપ્રદ ચીજવસ્તુઓનું વેચાણ કરતા હોય છે. શહેરીજનોના આરોગ્યને કોઈ નુકસાન ન પહોંચે તે હેતુથી નડિયાદ મહાનગરપાલિકાની સેનેટરી વિભાગની ટીમે સઘન તપાસ ઝુંબેશ શરૂ કરી છે.

આ ઝુંબેશ હેઠળ ચીફ સેનેટરી ઈન્સ્પેક્ટર મયંક દેસાઈ અને તેમની ટીમે સંતરામ રોડ પર આવેલી 'સુપર બેકર્સ'માં સપાટો બોલાવ્યો હતો. આ તપાસ દરમિયાન અહીંથી મોટી ગેરરીતિ સામે આવી હતી. દુકાનમાંથી મળી આવેલા ૫૦૦થી વધુ પાંઉના પેકેટો પર ઉત્પાદનની તારીખ, એક્સપાયરી ડેટ, ગુણવત્તા સંબંધિત માહિતી, બ્રાન્ડ લોગો કે કોઈ પણ પ્રકારના ઓળખ આપતા સ્ટીકરો લગાવેલા ન હતા.

આમ, નિયમોનો સરેઆમ ભંગ કરી ગ્રાહકોના જીવ જોખમમાં મુકતા આ પાંઉના જથ્થાને સેનેટરી વિભાગે સ્થળ પર જ જપ્ત કરી લીધો હતો અને કાયદેસરની કાર્યવાહી હેઠળ સુપર બેકર્સની દુકાન તેમજ તેના ગોડાઉનને સીલ મારી દીધા છે. મનપાની આ કડક કાર્યવાહીથી સમગ્ર પંથકના ભેળસેળિયા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ખાણીપીણીની લારીઓને પાંઉનો સપ્લાય !

તપાસમાં ખુલાસો થયો છે કે સ્ટીકર કે ઉત્પાદનની વિગતો વગરના આ હલકી ગુણવત્તાના બિનઆરોગ્યપ્રદ પાંઉનો મોટા પાયે દાબેલી, વડાપાંઉ અને પાંઉભાજી જેવી ખાણીપીણીની લારીઓ અને સ્થાનિક દુકાનોમાં સપ્લાય કરવામાં આવતો હતો. આમ, હજારો સામાન્ય ગ્રાહકોના સ્વાસ્થ્ય અને જીવ સાથે સીધો ખેલ ખેલાઈ રહ્યો હતો.

તહેવારોની મોસમમાં ભેળસેળ ચલાવી લેવાશે નહીં

સેનેટરી વિભાગના જણાવ્યા અનુસાર, આગામી તહેવારો દરમિયાન નડિયાદના નાગરિકોના આરોગ્યની સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં નહીં આવે. હલકી ગુણવત્તાની બિનઆરોગ્યપ્રદ ચીજો વેચી નફાખોરી કરનારા તત્ત્વો સામે આવી સઘન ચેકિંગ અને સીલિંગ ઝુંબેશ આગામી દિવસોમાં વધુ કડક બનાવવામાં આવશે.

આખડોલ ગામમાં નશાખોરે વીજકર્મી સાથે ઝપાઝપી કરી

ડીપીના બોક્સમાંથી ફ્યૂઝ કાઢી જઈ ગામની વીજળી બંધ કરી દીધી

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૮

નડિયાદ તાલુકાના આખડોલ ગામમાં ટ્રાન્સફોર્મર (ટીસી) ના ડીપી બોક્સમાંથી બળજબરીપૂર્વક ફ્યૂઝ કાઢી જઈ ગામનો વીજ પુરવઠો ખોરવી નાખનાર એક શખસે વીજ કંપનીના કર્મચારીઓ સાથે ઉગ્ર ઝપાઝપી કરી હોવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, પીપલગ સબ ડીવીઝનમાં હેલ્પર વાયરમેન તરીકે ફરજ બજાવતા ઘનશ્યામભાઈ પરમાર ૭મી તારીખે ફરજ પર હતા ત્યારે તેઓને આખડોલ ગામના વીજ ગ્રાહકો તરફથી બપોરે બે વાગ્યાથી લાઈટ ન હોવાની ફરિયાદો મળી હતી. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આખડોલ કોવાણીયાપુરામાં રહેતો કનુભાઈ ઉર્ફે ટેવો મોહનભાઈ પરમાર ટીસીના ડીપી બોક્સમાંથી ફ્યૂઝ કાઢી ગયો છે, જેના કારણે વીજળી ગુલ થઈ ગઈ હતી.

વાયરમેન ઘનશ્યામભાઈએ કનુભાઈને ફોન કરીને ફ્યૂઝ પરત આપવા જણાવ્યું હતું જેથી ગામમાં વીજ પુરવઠો ચાલુ કરી શકાય. પરંતુ નશામાં ચૂર કનુભાઈએ ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો હતો. આથી, વીજ કર્મચારીની ટીમ ઘરે પહોંચી હતી અને ફ્યૂઝ પરત માંગતા જ તે એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને સાથી કર્મચારી જતીન સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી અને ધમકી આપી હતી કે, જો ફરીવાર ફ્યુઝ માંગવા આવશો તો તમને જીવતા છોડીશું નહીં. આ મામલે ફરિયાદ નોંધાવાતા નડિયાદ ગ્રામ્ય પોલીસે સરકારી કર્મચારીની ફરજમાં રુકાવટ અને ધમકી આપવા બદલ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

સરપંચ દ્વારા સ્ટાફ સાથે વારંવાર ગેરવર્તણૂંક કરાતો હોવાનો આક્ષેપો

બોરસદના રાસ ગામની કેડીસીસી બેંક શાખા બંધ કરી જંત્રાલ ખસેડાશે

અસુરક્ષિત વાતાવરણને કારણે બેંક મેનેજમેન્ટનો મોટો નિર્ણય

જંત્રાલમાં ખુશીનો માહોલ, જ્યારે રાસના ગ્રામજનોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) બોરસદ તા.૮

બોરસદના રાસ ગામના સરપંચ સંજય પરમાર દ્વારા ઊભી કરાયેલી અરાજકતા, બેંક કર્મચારીઓ સાથે ગેરવર્તણૂક અને સોશિયલ મીડિયા થકી બદનક્ષી કરવાના વિવાદ બાદ ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક મેનેજમેન્ટે મોટો વહીવટી નિર્ણય લીધો છે. કર્મચારીઓની સુરક્ષા અને ભયમુક્ત બેંકિંગ વાતાવરણના અભાવે બેંકની રાસ શાખાને તાત્કાલિક બંધ કરી નજીકના જંત્રાલ ગામે સ્થળાંતર (ટ્રાન્સફર) કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

રાસ ગામના સરપંચ દ્વારા તાજેતરમાં કેશિયરની કેબિનમાં ઘૂસી ગેરકાયદે વીડિયોગ્રાફી કરવા, કપડાં ફાડવાના ઉપજાવી કાઢેલા આક્ષેપો કરવા અને ૨૦-૨૫ લોકોનું ટોળું ભેગું કરી પથ્થરમારાની ધમકી આપવા જેવા કૃત્યો આચરવામાં આવ્યા હતા, જેનાથી બેંકની કામગીરી સંપૂર્ણ ખોરવાઈ ગઈ હતી. આમ, વારંવારના ગેરકાયદે દબાણો અને અસુરક્ષિત માહોલને કારણે આખરે શાખા સ્થળાંતરનો નિર્ણય લેવાયો છે.

ઇતિહાસનું પુનરાવર્તન: ગામને ભોગવવાનો વારો

રાસ ગામ માટે આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે જ્યાં અગાઉ પણ અસામાજિક પરિબળો અને સ્થાનિક વિવાદોના લીધે બેંક શાખા બંધ કરવાની નોબત આવી હતી. ઇતિહાસમાં બીજી વખત ગામના એક જવાબદાર પદ પર બેઠેલા સરપંચની મનમાની, હઠાગ્રહ અને સત્તાના દુરુપયોગના કારણે સમગ્ર ગામ દંડાયું છે.

સીસીટીવી ફૂટેજથી જુઠ્ઠાણાનો પર્દાફાશ

સરપંચે સ્ટાફ પર કપડાં ફાડવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. પરંતુ, બેંક પ્રબંધન દ્વારા સીસીટીવી ફૂટેજની તપાસ કરાતાં સત્ય સામે આવ્યું છે કે સ્ટાફે કોઈ ગેરવર્તન કર્યું નહોતું. સોશિયલ મીડિયા પર અફવા ફેલાવી બેંકને બદનામ કરવાનું ગેરકાયદે કાવતરું ખુલ્લું પડી ગયું છે.

સરપંચની વ્યક્તિગત જીદ અને સત્તાના દુરુપયોગના કારણે રાસ ગામના હજારો નિર્દોષ ખાતેદારો, વૃદ્ધ પેન્શનરો અને દૂધ મંડળીના સભાસદોએ હવે બેંકિંગ કામકાજ માટે બીજા ગામે ધક્કા ખાવા પડશે, જેથી સ્થાનિકોમાં સરપંચ વિરુદ્ધ ભારે આક્રોશ છે. બીજી તરફ, જંત્રાલ પંથકના ખેડૂતો અને દૂધ ઉત્પાદકોમાં આ નિર્ણયથી હર્ષની લાગણી ફેલાઈ ગઈ છે.

બાકરોલમાં જાહેરમાં જુગાર રમતાં ૧૦ શખ્સો પકડાયાં

ધોળાકુવા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહ્યાં હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.૮

વલ્લભ વિદ્યાનગર પોલીસ મથકના સ્ટાફે બાતમીના આધારે બાકરોલ ગામના ધોળાકુવા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા-પાના વડે હારજીતનો જુગાર રમતા ૧૦ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે ઘટનાસ્થળેથી દાવ પરની રકમ અને આરોપીઓની અંગઝડતીમાંથી રોકડ સહિત કુલ ૨૩,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિદ્યાનગર પોલીસની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે ધોળાકુવા ચોકડી નજીક રમેશભાઈ રવિભાઈ પરમારના ઘર સામે ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો ટોળું વળીને જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે સમયસૂચકતા વાપરી સ્થળ પરથી રમેશભાઈ પરમાર, અલ્પેશભાઈ પરમાર, વિજયભાઈ પરમાર, જોનીભાઈ વણજારા, કિરણભાઈ પરમાર સહિત તમામ ૧૦ આરોપીઓને કોર્ડન કરી ઝડપી લીધા હતા.

આ અંગે પોલીસ તપાસમાં દાવ પરથી વેરવિખેર પડેલા ૯,૨૦૦ રોકડા અને આરોપીઓની અંગઝડતીમાંથી ૧૪,૫૦૦ રોકડા મળી કુલ ૨૩,૭૦૦ની રોકડ રકમ અને ગંજીપાના જપ્ત કરાયા છે. પોલીસે તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ખનીજ માફિયા બેફામ | કચેરીની આસપાસ ભૂ-માફિયાઓની શંકાસ્પદ હિચચાલ

આણંદમાં ખાણ-ખનીજ વિભાગના અધિકારીની રેકી થતી હોવાની શંકા

અધિકારી મીત પરમારે સતર્કતા દાખવી શંકાસ્પદ તત્વોને ભગાડ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદના ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓની કચેરી નજીક લાંબા સમયથી શંકાસ્પદ તત્વો દ્વારા રેકી કરવામાં આવતી હોવાની અને અધિકારીની ગાડીનો પીછો કરાતો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે અધિકારી મીત પરમારે ભારે સતર્કતા દાખવી પોતાની ગાડી પાછળ કરી આવા તત્વોને ત્યાંથી હટાવતા શંકાસ્પદ તત્વોમાં દોડધામ મચી ગઈ હતી.

આણંદ જિલ્લાની ખાણ-ખનીજ વિભાગની કચેરી નજીક ઘણા સમયથી કેટલાક શંકાસ્પદ તત્વો કચેરીની આસપાસ ઊભા રહીને રેકી કરતા હોવાના આક્ષેપો થઈ રહ્યા હતા. આ તત્વો માત્ર કચેરી પર નજર નહોતા રાખતા, પરંતુ અધિકારીની ગાડીની પાછળ-પાછળ પણ ફરતા હતા. આ ગંભીર બાબત ધ્યાને આવતા જ ખાણ-ખનીજ અધિકારી મીત પરમારે તાત્કાલિક સતર્કતા દાખવી પોતાની ગાડી પાછળ કરીને આવા તત્વોને ત્વરિત ત્યાંથી હટાવ્યા હતા.

અધિકારીની આ કડક કાર્યવાહી અને ત્વરિત પગલાંને કારણે કચેરી આસપાસ વોચ રાખતા હોવાનું કહેવાતા ખનીજ માફિયા અને ભૂ-માફિયા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો હોવાની ચર્ચાઓ વહેતી થઈ છે.

અડાસના યુવકનું નહેરમાં ડૂબી જતાં કરુણ મોત

ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદના મોગર-વડોદ ગામ પાસેથી પસાર થતી મોટી નહેરમાં અડાસના યુવકનું ડૂબી જવાથી મોત નિપજ્યાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કરમસદ- આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કંટ્રોલરૂમને 08મી સપ્ટેમ્બર,2026 ના રોજ સવારે 07:00 કલાકે હેલ્પલાઈન 112 પરથી એક કોલ મળ્યો હતો. જેમાં મોગર-વડોદ ગામ પાસેથી પસાર થતી મોટી નહેરમાં એક અજાણી વ્યક્તિ ડૂબી ગઈ હોવાની માહિતી આપવામાં આવી હતી.

માહિતી મળતાની સાથે જ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ આણંદ ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ સજ્જ થઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ ખાસ યોધ્ધા ગાડી અને પાણીની અંદર જોઈ શકાય તેવા આધુનિક વોટર અંડર રિસર્ચ કેમેરા સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ બચાવ અને શોધખોળ કામગીરી માટે 8 કુશળ તરવૈયાઓની ટીમ બનાવવામાં આવી હતી. જેમાં ફાયરની ટીમ દ્વારા નહેરમાં ભારે જહેમત આદરવામાં આવી હતી અને કલાકો સુધી પાણીમાં સઘન શોધખોળ ચલાવ્યા બાદ આખરે ડૂબી ગયેલા વ્યક્તિને વડોદથી રૂપારેલ નહેરમાંથી શોધીને બહાર કાઢી આપવામાં આવ્યા છે. આ તપાસ દરમિયાન બહાર કાઢવામાં આવેલા વ્યક્તિની ઓળખ મનીષભાઈ મુળજીભાઈ સોલંકી (ઉમર વર્ષ 43, રહેવાસી અડાસ ગામ) તરીકે થઈ છે.

રૂ. ૧ લાખ સામે મહિને રૂ. ૧૨ હજાર વ્યાજ આપવાની લાલચ આપી

ડાકોરમાં ઊંચા વ્યાજની લાલચ આપી ૬.૩૨ લાખની છેતરપિંડી

'અપના પે' એપના નામે વિડ્રોઅલ બંધ કરી દીધું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

ડાકોરના ગોપાલપુરા વિસ્તારમાં ઊંચા વ્યાજની લાલચ આપીને ભેજાબાજોએ એક મોબાઈલ એપ્લિકેશન મારફતે ડિજિટલ રોકાણ કરાવી રૂ. ૬,૩૨,૫૯૯ ની સાયબર છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે છેતરપિંડીનો ભોગ બનનાર યુવકે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન નડિયાદ ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ વિરુદ્ધ ગુનો નોંધયો છે.

ડાકોરના ગોપાલપુરા વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનું કામ કરતા ૨૭ વર્ષીય યશકુમાર કૌશલકુમાર મિસ્ત્રીને તેમના મિત્ર મારફતે એક રોકાણ એપ્લિકેશન વિશે માહિતી મળી હતી. આ એપ્લિકેશનમાં રૂ. ૧ લાખનું રોકાણ કરવા પર મહિને રૂ. ૧૨ હજાર જેટલું ઊંચું વ્યાજ આપવાની લોભામણી વાત કરવામાં આવી હોવાથી, યશકુમારે પોતાના મોબાઈલમાં આ એપ્લિકેશન ડાઉનલોડ કરી પ્રોફાઈલ બનાવી હતી.

આ લાલચમાં આવીને યશકુમારે ૧૩મી ઓક્ટોબર,૨૫ થી ૨૬મી એપ્રિલ, ૨૬ ના સમયગાળા દરમિયાન ડાકોર ખાતે આવેલા મહાકાળી ડેરી ફાર્મ ના બેંક ખાતામાં તેમજ ગૌરંગભાઈ નટુભાઈના ખાતામાં સ્કેનર મારફતે રૂ. ૬,૩૨,૫૯૯ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. ગઠિયાઓએ શરૂઆતમાં યશકુમારનો વિશ્વાસ કેળવવા માટે થોડી રકમ ઉપાડવા દીધી હતી. પરંતુ પાછળથી આ એપ્લિકેશનનું નામ બદલીને 'અપના પે' કરી દેવાયું હતું અને એપ્લિકેશનમાંથી રૂપિયા ઉપાડવાની સેવા જ બંધ કરી દેવામાં આવી હતી.

જ્યારે યશકુમારે પોતાના રોકાણ કરેલા નાણાં અંગે પૂછપરછ કરી, ત્યારે કંપની પ્રાઈવેટ લિમિટેડ થવાના કારણે પેમેન્ટ વિડ્રો થતું નથી તેવું ખોટું બહાનું બતાવી નાણાં પરત ચૂકવવામાં આવ્યા ન હતા. આ સાયબર છેતરપિંડી અંગે નડિયાદ સાયબર ક્રાઈમ પોલીસે ગૌરાંગ નટુભાઈ પટેલ, ધવલ પટેલ અને મહાકાળી ડેરી ફાર્મ ડાકોરના સંચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદમાં બાયસિકલ અને વોકિંગ ટ્રેક પ્રોજેક્ટ અંતિમ ચરણમાં પહોંચ્યો

ફિટનેસ વધારવા અને પર્યાવરણના જતન માટે આધુનિક સુવિધાઓથી સજ્જ નવું નઝરાણું તૈયાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

નડિયાદના નાગરિકોની સુખાકારી, તંદુરસ્તી અને પર્યાવરણના જતનને કેન્દ્રમાં રાખીને આયોજનબદ્ધ રીતે તૈયાર કરાઈ રહેલો બાયસિકલ અને વોકિંગ ટ્રેક પ્રોજેક્ટ હવે પૂર્ણતાના આરે છે. આ આધુનિક પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરીજનોને સ્વસ્થ

જીવનશૈલી તરફ વાળવાનો અને પ્રકૃતિનું સંવર્ધન કરવાનો છે.

આ ટ્રેક પર દરરોજ સાયકલિંગ અને ચાલવાથી નાગરિકોને હૃદયરોગ અને ડાયાબિટીસ જેવી ગંભીર બીમારીઓથી બચવામાં મોટી મદદ મળશે. શારીરિક ફિટનેસની સાથે અહીં વિતાવેલો પારિવારિક સમય નાગરિકોના માનસિક સ્વાસ્થ્યમાં પણ અત્યંત સકારાત્મક બદલાવ લાવશે.

'ગ્રીન એન્ડ ફિટ' પ્રોજેક્ટ અંતર્ગત વિશાળ જગ્યામાં ગાર્ડનિંગ અને ગ્રીન વિસ્તાર વિકસાવવામાં આવી રહ્યો છે. બગીચાની જાળવણી માટે પાણીની તંગી ન સર્જાય તે માટે ખાસ ટ્યુબવેલ ઉભા કરાયા છે જેથી અહીં બારેમાસ હરિયાળી જળવાઈ રહેશે. આ હરિયાળીને કારણે હવાની શુદ્ધતા વધશે અને સ્થાનિક તાપમાન પણ નિયંત્રણમાં રહેશે. નડિયાદ શહેરવાસીઓને રાત્રિના સમયે પણ સુરક્ષિત અને આરામદાયક રીતે ટ્રેકનો ઉપયોગ કરી શકે તે માટે સમગ્ર વિસ્તારમાં એલઈડી સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવી છે. આ ઉપરાંત, અહીં આકર્ષક ફાઉન્ટેન, બેસવા માટે સુંદર ગેઝિબો અને નાગરિકોની સુવિધા માટે ટોયલેટ બ્લોકની સુવિધા પણ તૈયાર કરવામાં આવી છે.

અહીં સાયકલના ઉપયોગને પ્રોત્સાહન મળવાથી શહેરમાં મોટર વાહનોનો વપરાશ ઘટશે, જેના લીધે ટ્રાફિક અને વાયુ પ્રદૂષણની સમસ્યામાં મોટો ઘટાડો નોંધાશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225